સરકારી નાણા સરકારશ્રીમાં મોડા જમા કરાવવા બાબત.

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી
ગુજરાત રાજ્ય, **'વીમા અને લેખા ભવન'**,
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**ક્રમાંક : હિતિનિ/ટીસી/ફા.૧૦૧** / ૫૨૦૦ - ૫૨૨૫
**તારીખ** ૨૧- ૯-૨૦૧૨

પરિપત્ર નંબર : ૮ /૨૦૧૨

**સંદર્ભઃ**–(૧) આ કચેરીના તા.૧૮/૪/૨૦૦૬ ના પરિપત્ર ક્રમાંકઃ ૬/૦૬ નંબરઃ હિતિનિ/ટીસી/ફા.૧૦૧/સરકારી ભરણા વ્યાજની ચૂકવણી/૨૯૫૮–૨૯૮૭.
(૨) આ કચેરીના તા.૬/૯/૦૬ ના પરિપત્ર ક્રમાંકઃ હિતિનિ/ટીસી/ફા.૧૦૧/ સરકારી ભરણા/વ્યાજની ચૂકવણી/૬૩૪૨–૬૩૭૩.
(૩) આ કચેરીના તા.૨૧/૪/૨૦૦૭ના પરિપત્ર ક્રમાંકઃ હિતિનિ/ટીસી/ફા.૧૦૧/ સરકારી ભરણા/વ્યાજની ચૂકવણી/૩૪૫૦–૩૪૮૨.
(૪) આ કચેરીના તા.૨૮/૧/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ ૪/૨૦૦૮ નં.હિતિનિ/ ટીસી/ ફા.૧૦૧/ સરકારી ભરણા–વ્યાજની ચૂકવણી/૪૦૩
(૪) આ કચેરીના તા.૧૬/૪/૨૦૧૦ ના પરિપત્ર ક્રમાંકઃ ૭/૨૦૧૦ નં.હિતિનિ/ ટીસી/ ફા.૧૦૧/ સરકારી ભરણા–વ્યાજની ચૂકવણી/૨૫૮૧–૨૬૦૯

ઉકત સંદર્ભ–(૧)માં જણાવેલ પરિપત્રના મુદા નં.૪(૨) માં જણાવ્યા અનુસાર સરકારી આવકના ભરણા રાજય સરકારના સદરે જમા કરાવવામાં થયેલ વિલંબ અંગે બેંકની જવાબદારી નકકી થયેથી એજન્સી બેંક પાસેથી બે અઠવાડિયામાં પેનલ ઈન્ટરેસ્ટની માંગણી કરી લેવાની રહેશે અને આ મુદત દરમ્યાન સંબંધિત એજન્સી બેંક દ્વારા વ્યાજની રકમનું ચૂકવણું કરવામાં ન આવે તો તે અંગેની જાણ આ કચેરીને કરવાની રહેશે.

તેમજ ઉકત પરિપત્રના પારા નં.૫ મા જણાવ્યા અનુસાર એજન્સી બેંક પાસેથી પેનલ વ્યાજ વસુલ કરવા માંગણી રજૂ કરી શકાય તે માટે પરિશિષ્ઠ–૨ ના નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે અને તેનો અમલ તા.૧/૧/૦૬ થી કરવાનો રહેશે.

ત્યાર બાદ સંદર્ભ–૩ માં જણાવેલ પરિપત્રથી બેંક પાસેથી ૧ લાખથી વધુ રકમના ટ્રાન્ઝેકશન પર પેનલ ઈન્ટરેશન વસુલ કરવા અંગેની પધ્ધતિ નિયત કરવામાં આવેલ છે. તે મુજબ તેનો અમલ તા.૧/૪/૦૭ થી કરવા જણાવવામાં આવે છે.

તો ઉપર જણાવેલ સંદર્ભ–૧ ના પરિપત્રનો અમલ તા.૧/૧/૦૬ થી ૩૧/૩/૦૭ સુધી અને સંદર્ભ–૩ માં જણાવેલ પરિપત્રનો અમલ તા.૧/૪/૦૭ થી કરીને વ્યાજની વસુલાતના રજીસ્ટર અધતન

બનાવીને કુલ વસુલ કરવાના વ્યાજ પૈકી કેટલું વ્યાજ વસુલ કરવામાં આવેલ છે અને કેટલું બાકીમાં છે તેની વિગતો અત્રે મોકલી આપવા જણાવવામાં આવે છે.

આથી તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીને ઉપરોક્ત તમામ પરિપત્રોમાં આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા/ તેમજ પેટા તિજોરી અધિકારીશ્રીઓને કરાવવા સૂચના આપવામાં આવે છે.

**નિયામક**

**<u>નકલ રવાના:–</u>**

શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, .......................... તરફ.